### કંબોઇ હનુમાનજીના મંદિર ખાતે

# કબીરપંથ સમાજસેવા ટ્રસ્ટની મળેલી સામાન્ય સભા

**સંજેલી,**
તાજેતરમાં લીમખેડા તાલુકાના કંબોઇ ગામે આવેલ હનુમાનજી મંદિરના પટાંગણમાં કબીર પંથ સમાજ સેવા ટ્રસ્ટની આઠમી વાર્ષિક સામાન્ય સભા ટ્રસ્ટનાં અધ્યક્ષ શ્રી મહંત ૧૦૮ દયાનંદ દાસજી સાહેબના આદેશથી સ્થાને મળી હતી.

કાર્યક્રમની શુભ શરુઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી ઉપસ્થિતિ મહાનુભાવોનું ટ્રસ્ટી દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન સદ્‌ગુરુ કબીર સંદેશ ત્રિમાસિક પત્રિકાના વાર્ષિક આવક અને ખર્ચની વિગતવાર માહિતી ટ્રસ્ટનાં મહામંત્રીશ્રી ૧૦૮ છગનદાસજી સાહેબે આપી હતી. ટ્રસ્ટ માધ્યમથી પ્રસિધ્ધ થતાં ત્રિમાસિક પત્રિકાનો પ્રચાર પ્રસાર થાય અને વધુને વધુ ગ્રાહકો થાય તેની વિગતે ચર્ચાઓ કરવામાં આવી હતી. ટ્રસ્ટમાં આર્થિક ભંડોળ એકત્ર કરવા સામાન્ય સભ્યો, દાતા સભ્યો, આજીવન સભ્યોની સભ્ય ફી લવાજમ વગેરે નિયમિત આપવા સૂચનો કરવામાં આવ્યા હતા. અને ખાસ કરીને દાહોદ, પંચમહાલ, અને મહિસાગર એમ ત્રણેય જિલ્લામાં ગામેગામ બાળકોમાં સંસ્કારનું સિંચન થાય તે હેતુ બાલ સંસ્કાર શરૂ કરવાની હાકલ કરવામાં આવી હતી. ગામે ગામ સંયોજકની નિમણૂંક પણ કરવામાં આવી હતી. બાળ સંસ્કાર કેન્દ્રો વધુમાં વધુ બાળકોને લાભ મળે તેવી ઝુંબેશ શરૂ કરવા ખુબ ઝીણવટ ભરી ચર્ચાઓ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૬-૧૭નાં હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટના અધ્યક્ષશ્રી. મહંત ૧૦૮ દયાનંદદાસજી સાહેબે સૌ ઉપસ્થિત મહાનુભાવોને આવકીરને ટ્રસ્ટનાં હેતુઓને પાર પાડવા સૌને આહવાન કર્યું હતું. અને સંતોની પ્રેરણાથી ઉદય થયેલ સંસ્થાને ખભેખભા મિલાવી પ્રગતિનાં પંથે લઈ જવા પર ભાર મુક્યો હતો. અને ગામે ગામ સત્સંગ સભાઓ, ભજન મંળીઓ દ્વારા લોક જાગૃતિ લાવી કબીર સંપ્રદાયન્નો પ્રચાર પ્રસાર કરવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો સર્વશ્રી. નિર્મળદાસજી સાહેબ, સેવાદાસજી સાહેબ, પ્રકાશદાસજી સાહેબ, મનહરદાસજીસા સુમરણદાસજી સાહેબ, ગોકુળદાસજી સાહેબ વગેરે મહંત શ્રીઓએ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કર્યા હતા. દરેક તાલુકામાંથી તાલુકા સંયોજકો, સંપાદક મંડળના સભ્યો, ટ્રસ્ટીઓ, કારોબારી સભા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સદ્‌ગુરુ કબીર સંદેશના તંત્રીશ્રી ભુદેવભાઇ પરમારે સૌને આવકારી આભારવિધિ કરી હતી. અને સ્વરૂચી ભોજનની પણ કરવામાં આવી હતી.★

# ભારે વરસાદની આગાહી છતાં સંજેલીમાં મેઘરાજાની હાથતાળી

**સંજેલી,**
કેટલાય વિસ્તારોમાં મેઘરાજા મન મુકીને વરસી રહયા છે. ત્યારે દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં ગત વર્ષ કરતા પણ આ વર્ષે ઓછો વરસાદ નોંધાયો છે. ભારે આગાહી છતાં મેઘરાજા ઝરમર ઝરમર કરી હાથતાળી આપી જતા રહે છે. ઓછા વરસાદના કારણે હાળની રોપણી પણ શરૂ થઈ નથી ખેડૂતોમાં ચિંતાનો વિષય બન્યો છે.

સંજેલી તાલુકામાં ધીમી ધારે વરસાદ વરસતા મોસમનો કુલ ૨૨૯ મી.મી. નોંધાયો છે. ગત મોસમ કરતા આજ દીન સુધી ૪૯ મી.મી. ઓછો વરસ્યો છે સંજેલી તાલુકાના તળાવો સંજેલી પુષ્પસાગર તળાવમાં પાણીની કોઈ આવક થઈ નથી. તેથી તાલુકાજનોમાં ચિંતાની લાગણી પ્રસરી છે. હાલ હાળ રોપણીનો પણ સમય થઈ ગયો છે છતાં ખેતરોમાં પાણીની આવક ન થતા રોપણી પણ થઈ શકતી નથી. જેને લઈ ખેડૂતોમાં ચિંતાનો વિષય બન્યો છે ઝરમર ઝરમર વરસાદ પડવાથી ખેતીમાં પણ જીવાત પેદા થાય છે અને લોકો બિમારીનો શિકાર બને છે ગત વર્ષ કરતા આ વર્ષે મેહુલીયો મન મુકીને વરસે તેવી લોકોમાં આશા છે.★

# હળવદમાં માલધારીઓની હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપવા માંગણી

**સુરત,**
ધાંગધ્રા હળવદમાં માલધારી યુવાનોની થયેલી કરપીણ હત્યાના પડઘા સુરતમાં પડ્યા હતા. હળવદની ઘટના સંદર્ભે ઓબીસી, એસસી, એસટી એકતા મંચે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી સીબીઆઈ તપાસની માંગ કરી હતી. માલધારી સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ઓબીસી, એસસી, એસટી એકતા મંચે કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ધાંગધ્રા હળવદમાં પછાત ઓબીસી, માલધારીઓની કરવામાં આવેલી કરૂણ હત્યા મામલે સીબીઆઈની સ્પેશિયલ ટીમ દ્વારા તપાસ કરવામાં આવે તથા મોરબી ડીએસપીની બેદરકારી બદલ તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ છે બનાવ કોના ઉશ્કેરવાથી બન્યો છે કોના દ્વારા વાહનોને આગચંપી કરવામાં આવી છે. આ કૃત્ય કરનાર મુખ્ય સૂત્રધાર કોણ હતો આ તમામ મુદ્દાઓને આવરીને બીન રાજકીય રીતે તપાસ થવી જોઈએ.

બનાવની ગંભીરતાની પોલીસને ખબર હતી તેમ છતાં પણ ગંભીરતા કેમ રાખવામાં ન આવી તે તમામ સ્થાનિક પોલીસ અધિકારીઓની પણ તપાસ થવી જોઈએ. કોઈ રાજકીય વગ ધરાવતા વ્યક્તિ દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું તો તેની સામે પણ કાયદાકીય પગલા લેવાવા જોઈએ.

ઓબીસી, એસસી, એસટી એકતા મંચ સ્પષ્ટ માંગ છે કે બનાવમાં જે પણ નિર્દોષ પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તે તમામને માનવતાની દૃષ્ટીએ સરકારે આર્થિક સહાય કરવી જોઈએ. તેવી માંગણી પણ આવેદનપત્ર દ્વારા સરકારમાં રજૂ કરી હતી.

# દિલ્હી ગયેલુ વેપારીઓનું પ્રતિનિધિ મંડળ ખાલી હાથે સુરત પરત ફર્યું

### પ્રતિનિધિ મંડળના છ પૈકીના બે સભ્યો અંગત કામ માટે દિલ્હી રોકાયા

**સુરત,**
ગતરાત્રે દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રીઓ દ્વારા જીએસટી સંઘર્ષ સમિતિને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધુ કે કાપડ ઉદ્યોગ પર જીએસટી યથાવત રહેશે જ. આજે ચાર પ્રતિનિધિઓ સુરત પાછા આવી ગયા છે.

સુરત જીએસટી સંઘર્ષ સમિતિના અધ્યક્ષ તારાચંદ કાસટના જણાવ્યા અનુસાર રવિવારે સવારે સુરતથી ૬ પ્રતિનિધિઓ દિલ્હી રવાના થયા હતા. ગત રાત્રે કેન્દ્રીય મંત્રીઓ સમક્ષ રજૂઆતો કરી હતી. ત્યારબાદ મંત્રીઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે કાપડ વેપારીઓ પરથી જીએસટી હટાવવાની માંગ સ્વીકારી શકાય નહીં. ત્યારબાદ સંઘર્ષ સમિતિની રજૂઆતોનું કોઈ મહત્ત્વ રહેતું નથી.

આજે સવારે દિલ્હીથી વિમાન માર્ગે તારાચંદ કાસટ, મનોજ અગ્રવાલ, રાજેશ અગ્રવાલ અને સુરેશ તોસ્નીવાલ સુરત પાછા ફર્યા હતા. જ્યારે કોંગ્રેસી ચંપાલાલ બોધરા અને જનપત જૈન કોંગ્રેસના નેતાઓને મળવા માટે દિલ્હી રોકાયા છે. સુરત આવેલ જીએસટી સંઘર્ષ સમિતિના અધ્યક્ષ સાંજે જે.જે. માર્કેટમાં અન્ય વેપારીઓના અધ્યક્ષો સાથે બેઠક કરીને માર્કેટો શરૂ કરવી કે બંધ રાખવી તે સંબંધે યોગ્ય નિર્ણય લેશે.

# સંજેલીમાં વિજળીના ધાંધીયાથી લોકો પરેશાન

**સંજેલી,**
સંજેલી ખાતે છેલ્લા કેટલાક સમયથી દિવસથી રાત્રી દિવસ વીજ પુરવઠો બંધ થઈ જાય છે વારે વારે વિજળી ડુલ થતા કેટલાય લોકોના ઈલેક્ટ્રીક સાધન બગડી જતા હોય છે, સંજેલી વિસ્તારમાં લોકોને લાઈટની સુવિધા નિયમિત મળતી જ નથી રાત્રી દિવસમાં અનેકવાર લાઈટો ગુલ થતા સંજેલીના લોકોમાં ભારે રોષ ફેલાયો છે નજીકના જ (આંબળીયા) સબ સ્ટેશનથી લાઈન આવતી હોવા છતાં પણ લોકોને નિયમિત આખો દિવસ લાઈટ ચાલુ જ રહે તેવો લાભ મળતો નથી. ભારે વરસાદ થયો જ નથી નદીનાળા પણ ખાલી છે માત્ર સામાન્ય ઝાપટા જ પડે છે અને લાઈટો બંધ થઈ જાય છે ત્યારે સંજેલીને એક જુદી જ લાઈન સાથે જોડી ગામડાની લાઈનથી અલગ પાડવામાં આવે તો જ કંઈક ફેર પડે તેમ છે. કેટલાય સમયથી સંજેલીનું સબ સ્ટેશન મંજુર થયેલ છે ૬૬ કેવી માટે સંજેલી તાલુકામાં જગ્યા પણ ફાળવણી થયેલી હોવા છતા તેનું કામ હાલમાં અભરાઈએ ચડાવવામાં આવ્યું છે.★

# પ્રતાપપુરા નજીકની દારૂ ઝડપાયો

**દાહોદ,**
લીમખેડા પોલિસે પેટ્રોલિંગ દરમ્યાન ગત મોડી રાતે પ્રતાપુરા ગામે હાઈવે રોડ પરથી એક ઈન્ડીકા ગાડીમાંથી રૂપિયા ૧૨૦૦૦૦ કુલ કિમતની ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલ નંગ ૬૨૪ પકડી પાડી રૂપિયા એક લાખની કિમતની ઈન્ડીકા ગાડી સહીત રૂપિયા ૨૨૦૦૦૦નો મુદ્દામાલ કબે લીધાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર ગત મોડી રાતના અઢી વાગ્યા ના સુમારે લીમખેડા પોલિસની ટીમ પ્રતાપુરા ગામે હાઈવે રોડ પર પેટ્રોલીગમા હતી તે દરમિયાન સામેથી આવતી જી જે ૨૦ એ ૩૬૨૬નંબરની ઈન્ડીકા ગાડીના ચાલકે દૂરથી પોલિસની ગાડી જોઈ લેતા પોતાના કબજાની ઈન્ડીકા ગાડી રોડ પર મૂકી નાસી ગયટો હતો જે ઈન્ડીકા ગાડનીની પોલિસ ધરે લીધી હતી અને ગાડીમા મૂકેલ વિદેશી દારૂ પેટીઓ જઈ પોલિસ ચોંકી ઉઠી હતી પોલિસે ઈન્ડીકા ગાડીમાંથી બેગ પાઈપરની ૭૫૦ મી લીની બોટલ નંગ ૧૨૦ તથા ૧૮૦ મી લી ની બોટલ નંગ ૪૮૦ તથા મેજીક મુવમન્ટ ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૨૪ મળી રૂપિયા ૧૨૦૦૦૦ની કુલ કિમતની નાની મોટી બોટલ નંગ ૬૨૪ ભરેલ પેટી નંગ ૨૨ પકડી પાડી રૂપિયા ૧ લાખની કિમતની ઈન્ડીકાગાડી મળી રૂપિયા ૨૨૦૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.

આ સંબંધે લીમખેડા પોલિસ સ્ટેશનના એ એસઆઈ નવરતભાઈ કોયાભાઈએ લીમખેડા પોલિસ સ્ટેશને ફરિયાદ નોધાવતા પોલિસે આ સંદર્ભે પ્રોટી એક્ટ કલમ ૬૫ એ એ ૬૫ ઈ ૯૨ ૨ મુબ ગુનો નોધી આગળ તપાસ હાથ ધરી છે.★

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**CEEJAY FINANCE LIMITED**
Regd.Office:C.J.House, Mota Pore,Nadiad-387001
CIN:L65910GJ1993PLC019090 TELEFAX:0268-2561727
http://www.ceejayfinancelimited.com/
Mail:kpucj@yahoo.co.in

**NOTICE**

Notice is hereby given that, the meeting of Board of Directors of the company will be held on Monday, 31st July,2017 at 11-00A.M at the Registered Office of the Company to approve the unaudited Financial Results for the Quarter ended on 30th June,2017.

For, CEEJAY FINANCE LIMITED
K. P. UPADHYAYA
COMPANY SECRETARY

Date : 17th July,2017
Place : Ahmedabad

# જિતપુર ગામની પરિણીતા મહિલા ત્રણ દિવસથી ગૂમ થતા ચકચાર

**માલપુર,**
અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા ના જિતપુર ગામની ૨૨ વર્ષીય પરિણીતા મહિલા તા.૧૫.૬.૧૭ના રોજ માલપુર ઘરવખરી સામાન લેવા ગયા બાદ ત્રણ દિવસથી ગુમ થઈ ગયા બાદ ન મળતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગેની પોલીસ પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર જિતપુર ગામની પરણીત મહિલા તા.૧૫-૭-૧૭ના રોજ માલપુર ઘર વખર સામાન ખરીદવા ગઈ હતી જે મોડી સાંજ સુધી ઘરે પરત ન આવતા પરિવારજનો હવે ચિંતાતુપ થઈ શોધખોળ આરંભતા ક્યાંય પત્તો ન મળતા પરણીતાના પિતાએ તાલુકાના ગુમ થવા બાબતે માલપુર પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપતાં પોલીસે નોંધ કરી તપાસ આરંભી છે. આ લખાઈ રહ્યુ છે ત્યાં સુધીના ત્રણ દિવસ સુધી પણ ગુમ થનાર પરિણીતાનો કોઈ પત્તો મળ્યો નથી. આ અંગેની તથા સ.એ.એસ. આઈ. શબૂરભાઈ ચલાવી રહ્યા છે.★

# વડાગામ સ્ટેશનથી ગામ સુધીનો માર્ગ એક જ વર્ષમાં બિસ્માર

**વડાગામ,**
અરવલ્લી જીલ્લાના વડાગામ ખાતે સ્ટેશનથી ગામ સુધી જવાનો સી.સી.રોડ ગત વર્ષે માર્ચમાં બનાવવામાં આવ્યો હતો જે માર્ગ બન્યા પછી માત્ર ૬ માસના ટૂંકાગાળમાં જ બિસ્માર બની ગયો હતો હાલ આ રસ્તા ઉપર નાના મોટા ખાડા પડી ગયેલ હોઈ રાહદારીઓ અને વાહનચાલકોને અગવડ પડી રહી છે. સરકારશ્રી દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કર્યા પછી પણ ગ્રામજનોને સારો માર્ગ ન મળતાં નાગરિકોમાં રોષ જોવા મળી રહયો છે. રસ્તાનું કામ ચાલુ હતું ત્યારે પણ કેટલાક નાગરિકો દ્વારા જવાબદાર અધિકારીશ્રીનું ધ્યાન દોરી લેખીત જાણ કરી રસ્તાના કામમાં ગુણવત્તા જળવાય તે બાબતે રજુઆત કરેલ પરંતુ કોન્ટ્રાકટર અને બાંધકામ ખાતાના ભ્રષ્ટ અધિકારીઓની મિલભીગતને લીધે તંત્રએ મૌન સેવ્યું હતું હવે આ ચોમાસા દરમ્યાન રસ્તાનું મરામત કામ પણ હાથ ધરવા નાગરિકો દ્વારા માગણી કરાઈ છે.★

### તલસાડી ગામે મંદિરમાં કરાયેલ તોડફોડના વિરોધમાં પરશુરામ બ્રહ્મસમાજ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

**ભરૂચ,**
અમરનાથના યાત્રાળુઓ પર થયેલા આતંકવાદી હુમલો અને ઝઘડીયા તાલુકાના તલસાડી ગામે કરાયેલ મંદિરમાં તોડફોડ ના વિરોધમાં શ્રી પરશુરામ બ્રહ્મસમાજ સંગટન દ્વારા આવેદપનત્ર પાઠવવામાં આવ્યું હતું.

ભરૂચના શ્રી પરશુરામ બ્રહ્મસમાજ સંગઠન દ્વારા અમરનાથના યાત્રાળુઓ પરના આતંકવાદી હુમલામાં શહીદ થનાર લોકો માટે સંવેદના વ્યક્ત કરી આ રાક્ષસી કૃત્ય આચનાર આતંકીઓ વિરૂધ્ધ ભારતીય સેનાને ભારત સરકાર સંપૂર્ણ છૂટ આપે તેવી માંગણી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કરવા સાથે ઝઘડિયા તાલુકાના તલસારી ગામના જૂના તલકેશ્વર મહાદેવ મંદિરમાં વિધર્મીઓએ કરેલ તોડફોડના બનાવમાં કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.★

### લીંબાયત ઝોન પાસેથી મોબાઈલની ચીલઝડપ

સુરત - લીંબાયત ઝોન ઓફિસ સામેથી પસાર થતા એક યુવકના હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવી મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત વિસ્તારમાં રહેતા શબ્બીર અહેમદ ફતેહ મોહંમદ શેખ (૨૩) ગત તા. ૧૦મી જુલાઈના રોજ રાત્રે ૧૦ વાગ્યાના સુમારે લીંબાયત ઝોન પાસેથી પસાર થતા હતો. ત્યારે વગર નંબરની મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોની તેની નજર ચૂકવી તેમના હાથમાંથી જીઓ કંપનીનો મોબાઈલ ફોન ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી બનાવવાની જગ્યાનું પંચનામુ તથા સીટીવી ફૂટે એકત્ર કર્યા હોવાનું જણાવ્યું હતું.

# ભિલોડામાં ચીલઝડપ કરતી ટોળકી ત્રાટકી

### ભિલોડા તાલુકાની ધી પહાડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સક્રેટરીની રૂા.૧,૯૦,૦૦૦/-ભરેલી બેગની અજાણ્યા બાઈક સવાર બે તસ્કરોએ ઉઠાંતરી કરી પલાયન

**ભિલોડા,**
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન બાઈક ચોરી,ચેન સ્નેચીંગ સહિત ચોરીઓના બનાવોનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા તાલુકાના પહાડા ગામની ધી પહાડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સક્રેટરી જયેશભાઈ લાલજીભાઈ પટેલની રૂા.૧,૯૦,૦૦૦/-ભરેલી બેગની અજાણ્યા બાઈક સવાર બે તસ્કરોએ ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા.ભિલોડા તાલુકામાં આ બનાવ ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.

ધી પહાડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.સેક્રેટરીએ ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો-ઓ.બેંક લી.ટાકાટુકા શાખામાંથી રૂા.૧,૯૦,૦૦૦/-ઉપાડયા હતા.સેક્રેટરી બાઈક ઉપર ટાકાટુકાથી પહાડા તરફ જઈ રહ્યા હતા ત્યારે શિલાદ્રી ગામ પાસે બજાજ પલ્સર ઉપર આવેલ બે અજાણ્યા તસ્કરોએ રૂા.૧,૯૦,૦૦૦/-ભરેલી બેગની ઉઠાંતરી કરી પલભરમાં અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.ધી પહાડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.સેક્રેટરી જયેશભાઈ લાલજીભાઈ પટેલએ પોલીસ સ્ટેશનમાં રૂા.૧,૯૦,૦૦૦/- ભરેલી બેગની લુંટ સંદર્ભે અજાણ્યા બાઈક સવાર તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાક્રમ ધી પહાડા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સેક્રેટરીએ ટાકાટુકા સાબરકાંઠા બેંકમાંથી આજે તા.૧૭/૭/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં દુધ ઉત્પાદકોના પગાર કરવા સંદર્ભે રૂા.૧,૯૦,૦૦૦/- ઉપાડી સેક્રેટરી પહાડા તરફ બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે શિલાદ્રી ગામ પાસે ૧૨:૩૦ થી ૧૨:૪૫ વાગ્યાના અરસામાં બાઈક ઉપર આવેલા તસ્કરોએ રૂપિયા ભરેલી બેગની લુંટ કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ બાઈક સવાર તસ્કરોએ સેક્રેટરીનો પીછો કર્યો હોવાનું અનુમાન લગાવી રહ્યા છે.

# અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષા અધ્યક્ષને અહિંસા રત્ન એવોર્ડ અર્પણ



(તસ્વીરઃ- જીત ત્રિવેદી, ભિલોડા)

**ભિલોડા,**
અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષા અધ્યક્ષને અહિંસા રત્ન એવોર્ડ ભિલોડા તાલુકાના રામનગર ગામના સંકેતભાઈ ચૌધરીને અર્પણ કરાયો હતો.પરમ પુજ્ય યુગ પ્રધાન આચાર્ય ચંદ્રશેખરવિજયજી મ.સા.પ્રેરીત અખિલ ભારતીય સંસ્કૃતિ દળ વર્ધમાન સેવા સંસ્કાર ધામ,મુંબઈ,સહસ્ત્રાફણા પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ,સુરત ધ્વારા આયોજીત ગૌ-શાળા,પાંજરાપોળ જીવદયા અધિવેશનમાં અબોલ જીવોની રક્ષાનો જીવનમંત્ર બનાવનારને અહિંસા રત્ન એવોર્ડથી ગૌરક્ષકોનુ સન્માન કરાયું હતું.

# ઈડર સી. કે. સરસ્વતી મંદીરમાં ચુંટણી યોજાઈ

**ભિલોડા,**
ઈડર પ્રજાકીય વિદ્યોત્તેજક સમિતી સંચાલિત શેઠ સી.કે.સરસ્વતી મંદીરમાં વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની ચુંટણી યોજાઈ હતી.લોકશાહીના જતનરૂપ મતદાનનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. લોકશાહીના પર્વને વિદ્યાર્થીઓએ સાચા અર્થમાં માણ્યું હતું. ચુંટાઈ આવેલ પ્રતિનિધિઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ પ્રમુખ ભુમિકા એ.પંડ્યા, ઉપપ્રમુખ પ્રાચી કે.ગાંધી,નીશી કે.શાહ ચુંટાયા હતા. પ્રાથમીક વિભાગમાં પ્રમુખ રીનાબા આર.ચૌહાણ,ઉપપ્રમુખ એકતા એફ.પટેલ ચુંટાયા હતા. સમગ્ર ચુંટણી પ્રક્રિયાની કામગીરી પી.જી.પાઠક, વી.આર.હાડા ધ્વારા કરવામાં આવી હતી.શેઠ સી.કે.સરસ્વતી મંદીર આચાર્યા, સ્ટાફ પરીવારએ ચુંટાયેલા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.★

**Amanta**

**AMANTA HEALTHCARE LIMITED**
**CIN : U24139GJ1994PLC023944**
**Regd. Office :** 5th Floor, Heritage, Near Gujarat Vidhyapith, Off. Ashram Road, Ahmedabad – 380 014
**Tel. No. :** +91 79 67777600 **Website :** www.amanta.co.in

**FORM DPT-1**
CIRCULAR OR CIRCULAR IN THE FORM OF ADVERTISEMENT INVITING DEPOSITS
[Pursuant to section 73 (2)(a) and section 76 and rule 4(1) and 4(2) of the Companies (Acceptance of Deposits) Rules, 2014]

**1.GENERAL INFORMATION**

a. **Name, address, website and other contact details of the company**: Amanta Healthcare Limited
5th Floor, Heritage, Near Gujarat Vidhyapith, Off. Ashram Road, Ahmedabad – 380 014
Tel. No.: +91 79 677 77600 Website: www.amanta.co.in

b. **Date of incorporation of the company**: 21st December, 1994

c. **Business carried on by the company and its subsidiaries with the details of branches or units, if any;**
Manufacture,Trade & Deal iin Pharmaceutical Products

d. **Brief particulars of the management of the company:**
The Company is promoted by Milcent Group of Companies and managed by professionals Mr. Bhavesh Patel, Managing Director of the Company is Management Graduate and is responsible for strategic planning and policy decision as well as day to day affairs of the Company.

e. **Names, addresses, DIN and occupations of the directors**:

| Name | Address | DIN | Occupation |
|---|---|---|---|
| Rohit Jashbhai Patel | Vishal Bunglows, Karamsad Vidyanagar Road, Anand-388001, Gujarat, India | 00088482 | Business |
| Bhavesh Girishbhai Patel | 4- SAKET - II, L J College Road, S G Highway, Ahmedabad-380051 | 00085505 | Business |
| Praful Jashbhai Patel | 7351, LICHEN DR. EASTVALE, CA - 92880 | 01898939 | Business |
| Kirit Ambalal Desai | 1207,CARDINAL AVENUE, SUGAR LAND, HOUSTON, TEXAS 77478 – USA. | 03272190 | Business |
| Surendra Maneklal Shah | "SNEH", Panchvati 1st Lane, Ellisbridge, Ahmedabad-380006, Gujarat, INDIA | 00016578 | Retired Professional |
| Indira Jitendrabhai Parikh | 150/7 "Jaideep" Prathamesh Park, Baneer Balewadi Raod, Pune. | 00143801 | Service |
| Pradyumn Gaurishankar Shrotriya | G 901, Green Woods, Andheri-Kurla Road, Chakala, Andheri (East), Mumbai - 400 093 | 00822579 | Service |
| Bhavana Rao | IFCI Venture Capital Funds Limited 13th Floor, IFCI Tower, 61, Nehru Place, New Delhi – 110 019 | 00956209 | Service |
| Manisha Bhaveshbhai Patel (Alternate to Kirit A. Desai) | 4- SAKET - II, L J College Road, S G Highway, Ahmedabad-380051 | 00154332 | Housewife |
| Jayshreeben Rohitbhai Patel (Alternate to Praful J. Patel) | Vishal Bunglows, Karamsad-VIdyanagar Road, Anand - 388001 Gujarat, India | 00868474 | Housewife |
| Homi Rustom Khusrokhan | TATA Capital Limited Tower A 1101 Peninsula Business Park, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai – 400 013 | 00005085 | Service |
| Vamesh Bhupendra Chovatia | TATA Capital Limited Tower A 1101 Peninsula Business Park, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai – 400 013 | 00372525 | Service |

f. **Management's perception of risk factors**: The Company has got the Investment grade rating and so there is not much of a risk.

g. **Details of default, including the amount involved, duration of default and present status, in repayment of –**
i) **statutory dues**: NIL
ii) **debentures and interest thereon**: NIL
iii) **loan from any bank or financial institution and interest thereon**: NIL

**2.PARTICULARS OF THE DEPOSIT SCHEME**

a. **Date of passing of board resolution**: 23rd June, 2017
b. **Date of passing of resolution in the general meeting authorizing the invitation of such deposits**: The Resolution for authorizing the invitation of deposits from public has been passed in the Meeting of Shareholders dated 27th September, 2014.
c. **Type of deposits, i.e., whether secured or unsecured**: Unsecured
d. **Amount which the company can raise by way of deposits as per the Act and the rules made thereunder**:
- **aggregate of deposits actually held on 31.03.2017**: Rs. 648.44 lakh
- **on the date of issue of the Circular or advertisement**: 669.07 lakh
- **amount of deposit proposed to be raised**: Rs. 6,871 lakh
- **amount of deposit repayable within the next twelve months**: Rs. 271.36 lakh

e. **Terms of raising of deposits:**
**Duration** – 6 months to 3 years
**Rate of interest** – Not more than 12%
**mode of payment** – NEFT/RTGS/Cheque
**Repayment** - Upon Expiry of Duration or Premature on request

f. **Proposed time schedule mentioning the date of opening of the Scheme and the time period for which the circular or advertisement is valid**: From the Date of issue of this Circular up-till the conclusion of Next Annual General Meeting
g. **Reasons or objects of raising the deposits**: To meet Working Capital requirements
h. **Credit rating obtained**: The Credit Rating for the Deposits has been obtained by the Company from Credit Analysis & Research Limited (CARE Ltd.). The Rating obtained is CARE BBB - (FD) vide CARE Ltd. Letter Ref. No. CARE/ARO/RL/2016-17/1575 dated 20.09.2016.
i. **Extent of deposit insurance**: Not required upto 31.03.2018 or uptill any policy available from the Insurance Company as per the MCA Notification No. G.S.R.454(E) dated 11th May, 2017. There is no such policy available with the Insurance Companies as on date of issue of this Circular.
j. **Short particulars of the charge created or to be created for securing such deposits, if any**: Not applicable, since unsecured deposits are only issued by the company
k. **Any financial or other material interest of the directors, promoters or key managerial personnel in such deposits and the effect of such interest in so far as it is different from the interests of other persons**: No such interest

**3.DETAILS OF ANY OUTSTANDING DEPOSITS as on 31.03.2017**

a. **Amount Outstanding**: Rs. 618.44 lakh
b. **Date of acceptance:** Over the period of 1 year
c. **Total amount accepted**: Rs. 499.49 lakh
d. **Rate of interest:** Not more than 12%
e. **Total number of depositors**: 84
f. **Default, if any, in repayment of deposits and payment of interest thereon, if any, including number of depositors, amount and duration of default involved**: NIL
g. **Any waiver by the depositors, of interest accrued on deposits**: NIL

**4.FINANCIAL POSITION OF THE COMPANY**

a. **Profits of the company, before and after making provision for tax, for the three financial years immediately preceding the date of issue of circular or advertisement;**

| Year | PBT (Rs. In lakh) | PAT(Rs. In lakh) |
|---|---|---|
| 2016-17 | 2,505.97 | 2,315.88 |
| 2015-16 | 1,521.97 | 1,263.47 |
| 2014-15 | 1,271.42 | 54.96 |

b. **Dividends declared by the company in respect of the said three financial years; interest coverage ratio for last three years (Cash profit after tax plus interest paid or interest paid)**: No Dividends declared

c. **A summary of the financial position of the company as in the three audited balance sheets immediately preceding the date of issue of circular or advertisement:**

| Liabilities | 2016-17 | 2015-16 | 2014-15 | Assets | 2016-17 | 2015-16 | 2014-15 |
|---|---|---|---|---|---|---|---|
| Share Capital | 8,186 | 8,186 | 8,131 | Fixed Assets | 26,270 | 24,635 | 23,435 |
| Reserve & Surplus | 13,358 | 11,042 | 8,733 | Non Current Assets, Loans & Advances | 2,484 | 2,826 | 1,378 |
| Non Current Liabilities | 3,504 | 4,467 | 3,956 | Current Assets, Loans & Advances | 10,217 | 9,481 | 9,023 |
| Current Liabilities | 10,236 | 9.742 | 9,917 | | | | |
| Deferred Tax | 3,688 | 3.505 | 3,100 | | | | |
| Total | 38,971 | 36,942 | 33,836 | Total | 38,971 | 36,942 | 33,836 |

d. **Audited Cash Flow Statement for the three years immediately preceding the date of issue of circular or advertisement:**

| | 2016-17 | 2015-16 | 2014-15 |
|---|---|---|---|
| A. CASH FLOW FROM OPERATING ACTIVITIES | 4,035.63 | 3,952.35 | 2,479.85 |
| B. CASH FLOW FROM INVESTING ACTIVITIES | (2,120.19) | (3,637.72) | (3,393.22) |
| C. CASH FLOW FROM FINANCING ACTIVITIES | (1,962.34) | (279.70) | 1,207.60 |
| Net increase/(decrease) in Cash and Bank Balances | (46.90) | 3.93 | 294.23 |

e. Any change in accounting policies during the last three years and their effect on the profits and the reserves of the company: No such change

**5.A DECLARATION BY THE DIRECTORS THAT-**

a. **the company has not defaulted in the repayment of deposits accepted either before or after the commencement of the Act or payment of interest there on;**
b. **the board of directors have satisfied themselves fully with respect to the affairs and prospects of the company and that they are of the opinion that having regard to the estimated future financial position of the company, the company will be able to meet its liabilities as and when they become due and that the company will not become insolvent within a period of one year from the date of issue of the circular or advertisement;**
c. **the company has complied with the provisions of the Act and the rules made thereunder;**
d. **the compliance with the Act and the rules does not imply that repayment of deposits is guaranteed by the Central Government;**
e. **a certain deposits accepted by the company before the commencement of the Act have not been repaid and shall be repaid upon maturity.**
f. **In case of any adverse change in credit rating, depositors will be given a chance to withdraw deposits without any penalty.**
g. **the deposits shall be used only for the purposes indicated in the Circular or circular in the form of advertisement;**
h. **the deposits accepted by the company (other than the secured deposits, if any, aggregate amount of which to be indicated) are unsecured and rank pari passu with other unsecured liabilities of the company.**

This circular is issued on the authorities and in the name of the Board of Directors of the Company, the text hereof has been approved by the Board of Directors at its meeting held on **23rd June, 2017** and a copy thereof signed by a majority of Directors of the Company, has been filed with the Registrar of Companies, Gujarat.

**BY ORDER OF THE BOARD**
Rohit J. Patel, Bhavesh G. Patel, Praful J. Patel, Kirit A. Desai
S.M.Shah, Indira J. Parikh, P. G. Shrotriya, Bhavana Rao
Homi Khusrokhan, Vamesh Chovatia, Manisha B. Patel, Jayshree R. Patel

**Place : AHMEDABAD**
**Date : 23-06-2017**